## ગાંધીજી આવો આદર મેળવનાર વિશ્વની એક માત્ર હસ્તી

# ગાંધીજીના સ્ટેમ્પ, સિક્કા કે નોટ્સ વિશ્વના ૧૩૩ દેશોએ બહાર પાડ્યા છે

અમદાવાદ, તા. ૧

મહાત્મા ગાંધીજીનું ચિત્ર માત્ર ભારતની ચલણી નોટ, સિક્કા અને ટપાલ ટિકીટ (સ્ટેમ્પ) સુધી સીમીત નથી. તેઓ રાષ્ટ્રપિતા ઉપરાંત જાણે વિશ્વપિતા હોય તેમ તેમના માટેનો આદર અને સન્માન ૧૩૩ જેટલા દેશોએ વ્યક્ત કરી તેઓની ચલણી નોટ, સિક્કા કે સ્ટેમ્પમાં સ્થાન આપ્યું છે. ગાંધીજી આ રીતે વિશ્વની એકમાત્ર પ્રતિભા છે.

ભારતની વાત કરીએ તો ૧૯૪૮માં આઝાદીના પ્રથમ વર્ષની ઉજવણી નિમિત્તે તેમની પ્રતિમા સાથે સૌ પ્રથમ ચાર જુદી જુદી ટપાલ ટિકીટ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૮ના રોજ બહાર પાડવામાં આવી હતી. ૨૦૧૭માં આ ચાર સ્ટેમ્પની હરાજી થઈ ત્યારે પાંચ લાખ પાઉન્ડ જેટલી કિંમત ઉપજી હતી. તે વખતે જે સ્ટેમ્પ બહાર પડાયેલ તે માત્ર ગવર્નર જનરલ રાજગોપાલચારીજીના પત્રવ્યવહારમાં જ ઉપયોગમાં લેવાતી.

ફ્રાન્સ, જર્મની, ઉત્તરી આયર્લેન્ડ, શ્રીલંકા, ટર્કી, રશિયા, ઈરાક, ઈરાન, અફઘાનિસ્તાન, ઉત્તર કોરિયા, ક્યુબા, ચેક રિપબ્લીક અન્ય ઘણા દેશોના ટપાલ વિભાગોએ વિવિધ આકાર, કદ અને સામગ્રીમાં સ્ટેમ્પ જારી કર્યા છે. કેટલીક નોટમાં કે સિક્કા ચલણમાં ન હોય તો સોવેન્યિર તરીકે બહાર પાડવામાં આવ્યા છે. ગ્રેટ બ્રિટન, સાઉથ આફ્રિકા જેવા દેશમાં તો સોના, ચાંદી, તાંબુ, નિકલ અને મિશ્રધાતુમાં ટંકશાળ પહેલા સિક્કા બહાર પાડ્યા છે.

ગાંધીજીની ૨ ઓક્ટોબર, ૧૯૬૯ના રોજ ૧૦૦મો જન્મ દિવસ હતો તે દિવસે વિશ્વના ૪૦ દેશોએ નક્કી કર્યું હતું કે આપણે સૌએ આ જ દિવસે ગાંધીજીની સ્ટેમ્પ બહાર પાડવી અને તે રીતે ઈતિહાસ સર્જ્યો હતો. તેવી જ રીતે ગાંધીજી ૯ જાન્યુઆરી, ૧૯૧૫ના રોજ સાઉથ આફ્રિકાથી ભારત પરત આવ્યા. અને તે પછી આઝાદીનું આંદોલન શરૂ થયું હતું. ભારત આગમનની શતાબ્દી વખતે ૨૦૧૫માં ભારત સરકારે બે સ્મૃતિ ચિહ્ન સમાન સિક્કા બહાર પાડ્યા હતા. જેમાં ગાંધીજી વકીલ અને તે સાથે જ રાષ્ટ્રપિતા તરીકે તેમ બે ઈમેજમાં રજૂ થયા છે.

૧૯૬૯માં ગાંધીજીની જન્મ શતાબ્દી નિમિત્તે ૧, ૨, ૫, ૧૦ અને ૧૦૦ રૂપિયાની ચલણી નોટ બહાર પાડવામાં આવી હતી. એક રૂપિયાની નોટમાં કેન્દ્રના નાણા વિભાગના સ્પેશ્યલ સેક્રેટરી આઈ. જી. પટેલની સહી જોવા મળતી હતી. જ્યારે ૨, ૫, ૧૦ અને ૧૦૦ની નોટમાં ગવર્નર એલ. કે. ઝા અને બી. એન. અડારકરના હસ્તાક્ષર હતા.

તે પછી ૧૯૮૭માં પ્રથમ વખત રૂ. ૫૦૦ની ચલણી નોટ બહાર પડી તેમાં પણ ગાંધીજીને સ્થાન અપાયું તેની રીવર્સમાં ગાંધીજીના નેતૃત્વમાં કૂચ કરતા સ્વાતંત્ર્ય સેનાનીઓની વિખ્યાત 'ગ્યારાહ મૂર્તિ' પ્રિન્ટ થઈ, ૨૦૧૬થી ભારત સરકારે નવી કલર સ્કીમ અને ડિઝાઈન સાથે ચલણી નોટ બહાર પાડવાનું શરૂ કર્યું.

'ગ્લોબલ કલેકશન ઓફ મહાત્મા ગાંધી' પુસ્તકમાં ગાંધીજી પરના વિશ્વમાં બહાર પડેલ સિક્કા, નોટસ અને સ્ટેમ્પની તમામ વિગતો, ઈમેજ સાથે જોઈ શકાય છે. ગાંધીજીની આવી તમામ સ્મૃતિઓના અભ્યાસુ અને સંગ્રાહક સુશીલકુમાર અગરવાલે આ માટે વિશ્વભરના દેશો, ટપાલ વિભાગ અને મ્યુઝિયમ સાથે સંપર્ક કેળવી વર્ષોથી જહેમત બાદ ગાંધીજીના આ રીતે આર્કાઈવ્ઝ પુસ્તક રજૂ કર્યું છે.

## ઔદ્યોગિકરણની વિકાસ પરંપરા હજુ

# ભૂકંપમાંથી બેઠું થયેલું ક
# રાજ્યનું ગ્રોથ એન્જિન બ

ભુજ, તા. ૧

કચ્છનો મિજાજ જ કંઈ ઓર છે, ભૂકંપ જેવી પરિસ્થિતિ હોય કે અન્ય કોઈપણ પરિસ્થિતિ હોય કચ્છ મજબૂત બનીને ઉભર્યું છે. આજે કચ્છ એ ગુજરાતનું ગ્રોથ એન્જિન છે તેવું ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના ન્યુ એનેક્ષી ભવનનું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉદ્ઘાટન કરતી વેળાએ જણાવ્યું હતું.

કચ્છ ભારતનો અને ગુજરાતન વિશાળ જિલ્લો હોવાને કારણે ત વ્યાપારની અપાર સંભાવનાઓ લક્ષમાં રાખી ગાંધીધામ ચેમ્બર ઓ કોમર્સ દ્વારા આ ભવનનું નિર્મ કરવામાં આવ્યું છે ત્યારે અ